GSPMA

Indian Plastics Institute

# શું આપ આ તક ચૂકી ગયા?

## એક્સ્ટ્રૂઝન પ્રોસેસ પર ટેકનીકલ સેમિનાર

GSPMA અને IPI અમદાવાદ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે તા. 28.06.2023ના રોજ ટેકનિકલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં GSPMA/IPIના 70 ઉપરાંત સભ્યોએ હાજર રહી ભાગ લીધો હતો. સેમિનારનું સંચાલન શ્રી દેવાંગ પાઠક ચેરમેન ટેકનિકલ સેમિનાર કમિટી, GSPMA દ્વારા કરવામાં આવ્યું હતું.




પ્રારંભમાં GSPMAના પ્રમુખ અને IPIના ગર્વનિંગ કાઉન્સીલના ચેરમેન શ્રી અભય ઉપાધ્યે પ્રસંગોચિત ઉદબોધન કર્યા હતા અને વિદ્વાન વકતાઓનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.





સેમિનારમાં એક્સ્ટ્રૂઝન પ્રોસેસ પર વિસ્તૃત ચર્ચા કરતાં એડવાન્ટેજ ઓફ કો-રોટેટિંગ સ્ક્રૂ એક્સ્ટ્રૂડર ઉપર ઝેફાયર પોલીમર્સ પ્રા. લી. ના ટેકનિકલ ડાયરેટર શ્રી અલ્પેશ ગજ્જરે માહિતી આપતાં તે થકી ઉત્પાદકતા અને નફાકારકતા વધારવા વિષે જણાવ્યું.

જ્યારે મિલાક્રોન ઈન્ડિયા લી.ના એક્સ્ટ્રૂઝન મશીન્સ ડિઝાઇન ડિપાર્ટમેન્ટના DGM શ્રી અપૂર્વ પરીખે બેઝિક્સ ઓફ કાઉન્ટર રોટેટિંગ ટ્વિન સ્ક્રૂ એક્સ્ટ્રૂડર વિષયે જરૂરી તમામ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી. જેને સૌએ રસપૂર્વક સાંભળી તેના અમલના ફાયદા વિષે પણ માહિતી મેળવી હતી.





ઈંજેક્સ મશીન્સ LLPના શ્રી મૃણાલ સંઘવીએ રોલ ઓફ સ્ક્રૂ ઇન સિંગલ સ્ક્રૂ એક્સ્ટ્રૂઝન વિષયે માહિતી આપતાં તેના વિવિધ પાસાઓ અંગે પ્રેઝનટેશન આપ્યું હતૂ.





આગામી 14 જુલાઇ 2023ના રોજ અમદાવાદ ખાતે યોજાનાર IPI નેશનલ સેમિનાર: એડ્વાન્સમેન્ટ એન્ડ ઇનોવેશન્સ ઇન ફ્લેક્સીબલ પેકેજિંગ વિષે શ્રી રાજીવ ત્રિવેદી, ચેરમેન, નેશનલ સેમિનાર કમિટી, ગવર્નિંગ કાઉન્સીલ, આઇપીઆઇ દ્વારા માહિતી આપવામાં આવી હતી અને રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું હતું. તેમાં ઉપસ્થિત રહેનાર વિવિધ વકતાઓ અને મહેમાનો તથા સ્પોન્સર્સની માહિતી આપી હતી.





સેમિનારનું સમાપન આભાર વિધિ અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યુ હતું.

- * - * -